# બેંગ્લોરમાંથી ૩૦,૦૦૦થી વધુની હિજરત

નવી દિલ્હી/બેંગ્લોર,તા.૧૮

તમામ પ્રકારની સુરક્ષા ઉપલબ્ધ કરાવવાની ખાતરી આપવામાં આવી હોવા છતાં ઉત્તર પુર્વના લોકોની હિજરતનો દોર કેટલાક દક્ષિણ ભારતીય શહેરોમાંથી યથાવત રીતે જારી રહ્યો છે.

બેંગ્લોરમાંથી ઉત્તર-પૂર્વના લોકોની મોટાપાયે હિજરત જારી રહી છે. સતત ચોથા દિવસે હિજરત યથાવત રીતે જારી રહી છે. રેલવે સ્ટેશનો ઉપર વ્યાપક અંધાધુંધી જોવા મળી રહી છે. વિશ્વાસ નિર્માણના પગલાના ભાગરૂપે રેપીડ એક્શન ફોર્સની છ કંપનીઓ તૈનાત કરવામાં આવી છે. ઉપરાંત પોલીસ પેટ્રોલિંગને વધુ તીવ્ર બનાવવાનો નિર્ણય કરાયો છે. હિજરતના અનુસંધાનમાં કડક આદેશો જારી કરાયા છે. સત્તાવાળાઓ દ્વારા તમામ પગલા છતાં જુદી જુદી ટ્રેનો મારફતે ઉત્તર પુર્વના લોકોની હિજરત યથાવત રીતે જારી રહી છે. ૧૨મી ઓગસ્ટ બાદથી આશરે ૧૫ જેટલા ઉત્તર પુર્વના નાગરિકો ઉપર હુમલા કરવામાં આવી ચુક્યા છે. ચૈન્નઈમાં પણ લોકોમાં દહેશત દેખાઈ રહી છે. ચૈન્નઈમાં રેલવે સ્ટેશન પર વતન પરત જવા હજારોની ભીડ જોવા મળી હતી. તામિલનાડુના મુખ્યમંત્રી જયલલિતાએ ખાતરી આપી છે કે રાજ્યમાં સંપુર્ણ પણે શાંતિ છે. તેમની સરકાર સુરક્ષાની ખાતરી આપવા માટે સંપુર્ણ પણે તૈયાર છે. મણીપુર સરકારે પણ સાવચેતીના પગલા લીધા છે. કર્માટક, મહારાષ્ટ્ર આસામ સહિતના તમામ રાજ્યો એકબીજાના સંપર્કમાં આવી ગયા છે. દરમિયાન કર્ણાટક પોલીસે તેમના પર હુમલા કરવામાં આવશે તેવી અફવાઓ ફેલાવવા બદલ પાંચ લોકોની ધરપકડ કરી છે. મુખ્યમંત્રી જગદીશ સેત્તારે કહ્યું છે કે પોલીસ વધુ લોકોની શોધખોળમાં છે. હજુ સુધી ઉત્તર પૂર્વમાંથી ૩૦ હજાર લોકો કર્ણાટક પાર્ટનગર બેંગ્લોરને છોડી ચૂક્યા છે. ૧૫મી ઓગસ્ટ બાદથી સતત ચાર દિવસથી ઉત્તર પૂર્વના લોકોની હિજરતનો સિલસિલો જારી રહ્યો છે. બેંગ્લોરમાં ગૃહ ખાતું પણ ધરાવનાર નાયબ મુખ્યમંત્રી આર અશોકાએ કહ્યું છે કે શુક્રવારના દિવસે ત્રણ લોકોની ધરપકડ કરાઈ હતી. બીજા બે લોકોની પણ ધરપકડ કરાઈ છે. વધુ લોકોની શોધખોળ ચાલી રહી છે.મણિપુરના ત્રણ લોકોના હુમલા કરવા બદલ ત્રણ શખ્સોની ધરપકડ શુક્રવારે કરાઈ હતી. આજની ભાજપના મુખ્યમંત્રીઓની મિટીંગમાં હાજરી આપવા દિલ્હી પહોંચેલા



સેત્તારે કહ્યું હતું કે પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી છે. અફવા ફેલાવનાર અન્ય ચાર લોકોની ઓળખ કરી લેવામાં આવી છે. શુક્રવારે સેત્તાર કેન્દ્રીય ગૃહમંત્રી સુશીલ કુમાર શિંધેને મળ્યા હતા અને ઉત્તર પૂર્વના લોકોમાં વિશ્વાસ જગાવવા લેવામાં આવેલા પગલાં અંગે માહિતી આપી હતી. બેંગ્લોરમાં ઉત્તર પૂર્વના ૨૪૦૦૦૦ લોકો રહે છે. જ્યારે બીજા ૧૦૦૦૦૦ લોકો કર્ણાટકના અન્ય ભાગોમાં રહે છે. આ વસ્તી પૈકી હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ પણ છે.જ મોટા ભાગના નોકરીયાત લોકો હોટલો, બ્યુટી પાર્લરો અને સિક્યુરિટી ગાર્ડમાં નોકરી કરી રહ્યા છે. કર્ણાટકમાંથી હકાલપટ્ટીને રોકવાના હેતુસર આસામના બે પ્રધાનો શુક્રવારે ગુવાહાટીથી બેંગ્લોર પહોંચ્યા હતા. આ લોકોએ શહેર છોડવાની તૈયારી કરી રહેલા સેંકડો લોકો સાથે વાતચીત કરી હતી. જો કે તેમના પ્રયાસો સફળ રહેતા નથી. શહેરના તમામ સંવેદનશીલ વિસ્તારોમાં સુરક્ષા મજબૂત કરવામાં આવી છે. ઉત્તર પૂર્વના લોકો જ્યાં રહે છે ત્યાં પેટ્રોલીંગની પ્રવૃત્તિ તીવ્ર બનાવવામાં આવી છે.

## ભૂપતી અને રોહન બોપન્નાને અંતે પડતા મુકી દેવા નિર્ણય

નવી દિલ્હી,તા.૧૮

મહેશ ભુપતી અને રોહન બોપન્નાને ન્યુઝીલેન્ડ સામે આગામી મહિને રમાનાર ડેવિસ કપ માટેની ટીમ માટે આખરે પડતા મુકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. લંડન ઓલિમ્પિક પહેલા બળવો કરવા બદલ આ બંને ખેલાડીઓને કિંમત ચુકવવાની ફરજ પડી છે. ન્યુઝીલેન્ડ સામે આગામી મહિનાની ડેવિસકપ માટેની ટીમમાં નવા ખેલાડીઓની પસંદગી કરવામાં આવી છે. લિયાન્ડર પેસ અને સોમદેવ દેવવર્મનના નામ ઉપર વિચારણા કરવામાં આવી હતી. કારણ કે આ બંને ખેલાડીઓ પહેલાથી જ ડેવિસ કપમાં નહીં રમવાની ઈચ્છા વ્યક્ત કરી ચુક્યા છે. ડેવિસ કપની શરૂઆત ચંદીગઢમાં ૧૪મી સપ્ટેમ્બરથી થઈ રહી છે. શિસ્ત સાથે કોઈ બાંધછોડ કરવામાં આવશે નહીં તેવો સ્પષ્ટ સંકેત આપતા એઆઈટીએ દ્વારા જણાવવામાં આવ્યું છે કે નવા ખેલાડીઓને તક આપવામાં આવશે. ઓલ ઈન્ડિયા ટેનિસ એસોસિએશનના સિનિયર ખેલાડીઓને પડતા મુકવાનો કઠોર નિર્ણય કર્યો છે અને ભાવી ટીમની રચના કરાવનો સંકેત આપ્યો છે. યુકી ભાંમ્ભરી, વિષ્ણુ વર્ધન, સાકેત મેનેની, ડેવિજ શરન, સનમસિંહ અને શ્રીરામા બાલાજીની નવી ટીમ હવે મેદાનમાં ઉતરશે. બીજી સપ્ટેમ્બર પહેલા ફરી એકવાર ચકાસણી કરવામાં આવશે. લિયાન્ડર પેસ અમેરિકામાં વર્લ્ડ ટીમ ટેનિસ સ્પર્ધામાં રમવા ઈચ્છુક છે જ્યારે સોમદેવ ડેવિસ કપ રમવા માટે ઈચ્છુક નથી. કારણ કે તે સંપુર્ણ પણે ફિટ થયો નથી. સોમદેવ ઓસ્ટ્રેલિયન ઓપનરમાં રમવા માટે આશાવાદી છે. પહેલી જુલાઈના દિવસે કારોબાર સમિતિની બેઠક મળી હતી. જેમાં એવો નિર્ણય લેવામાં આવ્યો હતો કે એઆઈટીએ દ્વારા કરવામાં આવેલી પસંદગી



મુજબ નહીં રમનાર ખેલાડીઓ સામે કઠોર પગલા લેવાશે. રોહન બોપન્ના અને મહેશ ભુપતી સામે ઓલિમ્પિક પહેલા પગલા લેવાયા ન હતા પરંતુ હવે આ બંને સામે પગલા લેવાયા છે. સોમદેવ ઈજાગ્રસ્ત છે. ભાવી ટીમ બનાવવાનો સમય આવી ગયો હોવાની વાત એઆઈટીએ દ્વારા કરવામાં આવી છે. દિલ્હીનો યુવા ખેલાડી યુકી સૌથી સર્વોચ્ચ રેંક ધરાવતો ખેલાડી છે.

## કિંગફિશરના પાઈલોટ ફરી હડતાળ પર ઉતર્યા

નવી દિલ્હી, તા.૧૮

નાદારીના આરે પહોંચી ગયેલી કિંગફિશર એર લાઈન્સના વધુ કેટલાક પાઈલોટો આજે ફરી હડતાળ ઉપર ઉતરી ગયા હતા. આ મહિનામાં બીજી વખત કિંગફિશર એર લાઈન્સના પાઈલોટો હડતાળ પર જતા ફ્લાઈટ કાર્યક્રમને માઠી અસર થઈ હતી. કિંગફિશરની સેવા ખોરવાઈ ગઈ હતી. આ પાઈલોટો માર્ચ મહિનાનો પગાર તાકીદે ચુકવવાની માંગ કરીને હડતાળ ઉપર ઉતરી ગયા હતા. જેના પરિણામ સ્વરૂપે મુંબઈથી સાત ફ્લાઈટો રદ કરવામાં આવી હતી. મુંબઈ સ્થિત પાઈલોટોનું એક વર્ગ હડતાળ પર જતા સેવાને અસર થઈ હતી. એરલાઈનના સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે પાઈલોટો આજે ફરજ પર હાજર થયા ન હતા. મુંબઈથી કેટલીક ફ્લાઈટો પાઈલોટોની હડતાળના કારણે રદ કરવામાં આવી છે. મુંબઈથી સાત ફ્લાઈટો રદ કરાઈ હતી. પાઈલોટના ગ્રુપ અને એરલાઈનના મુખ્ય કારોબારી સંજય અગ્રવાલ વચ્ચે માર્ચના પગારના સંબંધમાં મિટિંગ યોજાઈ હતી. ત્યારબાદ આ હડતાળ પાડવામાં આવી હતી. મિટિંગમાં કોઈ પરિણામ ન મળતા હડતાળ પાડવાનો નિર્ણય લેવાયો હતો. સુત્રોનું કહેવું છે કે આશરે ૧૫ પાઈલોટો સીઈઓને મળવા માટે ગયા હતા. માર્ચના પગાર અંગે વાત થઈ હતી. આ પાઈલોટોને ખાતરી અપાઈ હતી કે દરેકને ૧૭મી ઓગસ્ટ સુધી પગારની ચુકવણી કરી દેવામાં આવશે. પાઈલોટોએ અડધા એક કલાક સુધી રાહ જોઈ હતી. ત્યારબાદ એમ કહેવામાં આવ્યું હતું કે મંગળવાર સુધી પગારની ચુકવણી થશે. પાઈલોટોએ આ ખાતરી સ્વિકારી ન હતી અને હડતાળ પર જતા રહ્યા હતા.

## ભાજપની ટીમ દુકાળગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેશે

બેંગ્લોર,તા.૧૮

મુખ્યમંત્રી જગદીશ સેત્તારના નેતૃત્વમાં શાસક ભાજપના નેતાઓની ટીમ ૨૧મી ઓગસ્ટથી દુષ્કાળગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેશે. મળેલી માહિતી મુજબ દુષ્કાળની પરિસ્થિતીની સમીક્ષા કરવામાં આવશે. સેત્તાર ઉપરાંત ભુતપુર્વ મુખ્યમંત્રી યેદીયુરપ્પા, પ્રધાનો અને ધારાસભ્યો પણ આ પ્રવાસમાં ભાગ લેશે. બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતા રાજ્ય એકમના પ્રમુખ ઈશ્વરપ્પાએ આ મુજબની વાત કરી હતી. પ્રવાસ દરમિયાન આ ટીમ ભાજપના કાર્યકરો સાથે વતચીત કરશે અને પક્ષની વ્યુહરચનાને મજબુત કરવામાં આવશે. આગામી વર્ષની શરૂઆતમાં વિધાનસભાની ચુંટણી યોજાનર છે જેથી લોકોમાં વધુ વિશ્વાસ જગાવવાના હેતુસર આ પ્રવાસ ઉપયોગી સાબિત થશે.

## ગીતિકા આત્મહત્યા કેસમાં અંતે ગોપાલ કાંડાની ધરપકડ કરાઈ

નવી દિલ્હી,તા. ૧૮

સનસનાટીપૂર્ણ ગીતિકા શર્મા આત્મહત્યા કેસના મામલામાં આજે આખરે વિવાદાસ્પદ ગોપાલ કાંડાની ધરપકડ કરી લેવામાં આવી હતી. ગીતિકાએ આત્મહત્યા કર્યાના ૧૩ દિવસ બાદ હરિયાણાના ભૂતપૂર્વ પ્રધાન ગોપાલકાંડાએ પોલીસ સમક્ષ શરણાગતિ સ્વીકારી લીધી હતી. ત્યારબાદ તેમની વિધિવત રીતે ધરપકડ કરવામાં આવી હતી. ધરપકડ કરાયા બાદ કાંડાને રોહિણી કોર્ટમાં રજુ કરવામાં આવ્યા હતા. કાંડા આઠમી ઓગસ્ટથી ફરાર થઈ ગયા હતા. ગોપાલ કાંડા પર ગીતિકા શર્માને આત્મહત્યા કરવા ઉશ્કેરવાનો આક્ષેપ મૂકવામાં આવ્યો છે. છેલ્લા ઘણાં દિવસથી ગોપાલ કાંડા ફરાર હતા. પોલીસ દ્વારા તેમની ધરપકડ કરવાના પ્રયાસ ચાલી રહ્યા હતા. તપાસમાં સામેલ થવા તેની સમક્ષ હાજર થવા પોલીસે નોટિસ ફટકાર્યા બાદથી કાંડા ફરાર હતા. છેલ્લા ૧૧ દિવસથી તેઓ ફરાર હતા. આખરે આજે સવારે ગોપાલ કાંડાએ શરણાગતિ સ્વીકારી લીધી હતી. વહેલી પરોઢે ચાર વાગે ગોપાલ કાંડા અશોક વિહાર પોલીસ સ્ટેશન સમક્ષ ઉપસ્થિત થઈ ગયા હતા. અશોર વિહાર પોલીસ સ્ટેશનની બહાર કલાકો સુધી નાટક ચાલ્યું હતું. ગીતિકા આત્મહત્યા કેસમાં મુખ્ય આરોપી તરીકે ગોપાલ કાંડાને ગણવામાં આવે છે. કાંડા શરણાગતિ સ્વીકારવા માટે ૧૨.૩૦ વાગ્યાની આસપાસ ગયા હતા. તેમના ભાઈએ આ મુજબની માહિતી આપી છે. ચાર કલાક સુધી અશોક વિહાર પોલીસ સ્ટેશનની બહાર નાટક ચાલ્યું હતું. અગાઉ આ કેસમાં તેમની ઓગતરા જામીન અરજીને દિલ્હી હાઈકોર્ટે ફગાવી દીધી હતી. ધરપકડની દહેશતનો સામનો કરી રહેલા વ્યક્તિ દ્વારા અરજી દાખલ કરવામાં આવી નથી જેથી આને આધાર બનાવીને કાંડાની અરજીને હાઈકોર્ટે ગઈકાલે ફગાવી દીધી હતી.

## લક્ષ્મણની અંતે આંતરરાષ્ટ્રિય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત

નવી દિલ્હી,તા. ૧૮

ભારતના આધારભુત બેટ્સમેન અને વિશ્વ ક્રિકેટમાં સ્ટાઈલિસ્ટ બેટ્સમેન તરીકે જાણિતા વીવીએસ લક્ષ્મણે આજે આંતરરાષ્ટ્રિય ક્રિકેટમાંથી નિવૃત્તી સ્વીકારવાની જાહેરાત કરી હતી. વીવીએસ લક્ષ્મણે પોતાની શાનદાર આંતરરાષ્ટ્રિય કારકિર્દી દરમિયાન અનેક સફળતાઓ મેળવી હતી. વીવીએસ લક્ષ્મણ પોતાની કેરિયર દરમિયાન વેરી વેરી સ્પેશ્યલના નીકનેમ સાથે લોકપ્રિય થઈ ગયો હતો. કારણ કે સચિન તેન્ડુલકર, સૌરવ ગાંગુલ અને રાહુલ દ્રવિડની સાથે તે ચોથો એવો બેટ્સમેન બની ગયો હતો જે આધારસ્તંભ તરીકે બની ગયા હતા. એક દશક સુધી આ ખેલાડીઓ ભારતીય ક્રિકેટમાં છવાએલા રહ્યા હતા. વીવીએસ લક્ષ્મણે પોતાની પ્રથમ ટેસ્ટ મેચની બીજી ઈનિંગ્સમાં જ અડધી સદી કરીને શાનદાર શરૂઆત કરી હતી. દક્ષિણ આફ્રિકા સામે લક્ષ્મણે પોતાની કેરિયર શરૂ કરી હતી. ત્યારબાદ પોતાની પ્રથમ ટેસ્ટ સદી ફટકારતા પહેલા લક્ષ્મણે ૨૯ ઈનિંગ્સ બીજી લીધી હતી. સિડની ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયા સામે લક્ષ્મણે ૧૬૭ રન ફટકારી ક્રિકેટ ચાહકોને રોમાંચિત કરી દીધા હતા. ત્યારબાદથી લક્ષ્મણે



ક્યારેય પણ પાછળ વળીને જોયું ન હતું. એક પછી એક સિદ્ધીઓ મેળવી હતી. ૧૭ સદી ફટકારી હતી. આ ઉપરાંત ટેસ્ટ કેરિયરમાં લક્ષ્મણે ૫૬ અડધી સદી પણ ફટકારી હતી. લક્ષ્મણે પોતાની કેરિયરમાં ૧૩૪ ટેસ્ટ મેચોમાં ૮૭૮૧ રન બનાવ્યા હતા. જેમાં તેની સરેરાશ ૪૫.૯૭ રનની રહી હતી. વીવીએસ લક્ષ્મણે ૧૯૯૬માં અમદાવાદમાં દક્ષિણ આફ્રિકા સામે રમીને પોતાની ટેસ્ટ કેરિયરની શરૂઆત કરી હતી. લક્ષ્મણે ભારત તરફથી ૮૧ વન-ડેમાં ૨૩૩૮ રન બનાવ્યા હતા. જેમાં ૬ સદીનો સમાવેશ થાય છે. વીવીએસ લક્ષ્મણે કોલકત્તામાં ઓસ્ટ્રેલિયા સામે યાદગાર ૨૮૧ રનની ઈંનિગ્સ રમી હતી. જેના કારણે તત્કાલીન ઓસ્ટ્રેલિયન કેપ્ટન સ્ટીવ વોગનું સ્વપ્ન રોળાઈ ગયું હતું. ત્યારબાદથી લક્ષ્મણ ઓસ્ટ્રેલિયાની શક્તિશાળી ટીમ સામે મથાનો દુ:ખાવો બની ગયો હતો. છેલ્લી સિરિઝ ડાઉનઅંડર સિવાય લક્ષ્મણે ઓસ્ટ્રેલિયન પડકારનો સફળતાપુર્વક સામનો કર્યો હતો. ઓસ્ટ્રેલિયા સામે લક્ષ્મણે ૪૯.૬૭ રનની સરેરાશ સાથે ૨૪૩૪ રન બનાવ્યા હતા. ઓસ્ટ્રેલિયા સામેની છેલ્લી શ્રેણીમાં લક્ષ્મણે આઠ ઈનિંગ્સમાં માત્ર ૧૯૫ રન બનાવ્યા હતા.

## સમાચાર ઝલક

- મુંબઇમાં ત્રણ દોસ્તો વાત કરતાં કરતાં પાટા ઓળગતાં ટ્રેનથી કચડાતાં મોત.
- આયુર્વેદના વિદ્યાર્થીઓએ જામનગરમાં આયુર્વેદિક યુનિવર્સિટીની શિબિરમાં આવેલા મહેમાનોનો ઘેરાવ કર્યો.
- પોરબંદરમાં પુત્રએ સગા માતા-પિતાની કરપીણ હત્યા કરી.
- ઇડરમાં એ.ટી.એમ.માં પૈસા ભરતાં જ કર્મચારીઓ રૂપિયાની ઉંઠાતરી કરી, પોલીસ ફરિયાદ નોંધાઇ.
- ગીતીકા શર્માની આત્મહત્યાના શકમંદ આરોપી હરિયાણાના ભૂતપૂર્વ મંત્રી ગોપાલ કાંડા વહેલી સવારે પોલીસ શરણે થયા.
- વલસાડ જિલ્લામાં ઉદવાડામાં પારસીઓએ નવાવર્ષની ધામધૂમથી ઉજવણી કરી.
- ભારતીય જનતા પાર્ટી શાસિત રાજયોનાં મુખ્ય પ્રધાનોની મોંઘવારી માટે દિલ્હીમાં બેઠક, શ્રી નરેન્દ્રભાઇ મોદીની હાજરી.
- અન્ના હજારેએ ગ્રામ સમાજ સેવક તરીકે રાજીનામું મહારાષ્ટ્ર સરકારને મોકલી આપ્યું, રાજીનામું મંજૂર થયું.
- ક્રિકેટર વી.વી.એસ. લક્ષ્મણ ક્રિકેટની રમતમાંથી નિવૃત્તિ લેશે.
- ૧૫૦ વર્ષ મુંબઇ હાઇકોર્ટે પૂરા કર્યા, વડાપ્રધાન મનમોહનસિંહજીની હાજરીમાં ઉજવણી.
- અમદાવાદના કાલુપુર વિસ્તારમાં જર્જરિત મકાન તૂટી પડ્યું.
- વડોદરા સ્ટેશને પૂર્વોત્તર રાજયોમાં જનારાઓની મોટી ભીડ ઉમટી.
- ભાવનગરના દરિયામાં આવેલાં નિષ્કલંક મહાદેવનાં અમાસને દિવસે એક લાખથી વધુ દર્શનાર્થીઓએ દર્શન કર્યા.
- ગીતીકા હત્યા કેસના આરોપી, ગોપાલ કાંડાને પોલીસે પૂછવાં માટે ૫૦ પ્રશ્નો તૈયાર કર્યા.
- કોમનવેલ્થ રમતોત્સવના સુરેશ કલમાડીનું સી.બી.આઇ.ની ચાર્જશીટમાં નામ નથી, કલમાડીને મળી મોટી રાહત.

## ૫૧૦૦૦થી વધુ ટેલિફોન કનેક્શનોને કાપી નંખાયા

નવી દિલ્હી, તા.૧૮

સંસદમાં સરકારે માહિતી આપતા કહ્યું છે કે ૫૧૦૦૦ ટેલિફોન કનેક્શનો કાપી નાખવામાં આવ્યા છે. સરકારે એવા ગ્રાહકોના ટેલિફોન નંબરો કાપી નાખ્યા છે જે લોકોએ ટેલિ માર્કેટર તરીકેની પોતાની નોંધણી કરાવી નથી પરંતુ આ પ્રવૃતિમાં સામેલ છે. રાજ્યસભામાં એક પ્રશ્નના જવાબમાં દૂરસંચાર અને આઈટી માટેના રાજ્યપ્રધાન મિલિન્દ દેવડાએ કહ્યું હતું કે આવા ધારાધોરણોનો ભંગ કરવા બદલ આશરે ૮૮૩૦૦ ગ્રાહકોને નોટિસ આપવામાં આવી હતી. સેક્ટર રેગ્યુલેટર ટ્રાઈ સમક્ષ નોંધણી નહી કરાવી ચુકેલા કોઈપણ ગ્રાહક કોઈપણ પ્રકારની વાણિજ્ય વાતચીત કરી શકે નહીં. ટ્રાઈ દ્વારા આ સંબંધમાં કઠોર વલણ અપનાવવામાં આવ્યા બાદ હવે સરકારે પગલા લીધા છે.

## સિધ્ધિ યાત્રા (પાના નં. ૪ નું ચાલુ)

રોમાજીની પ્રથમ ગુજરાતી ફિલ્મ સન ૧૯૯૨ માં 'ઊંચી મેડીનાં ઊંચા મોલ' રજૂ થઈ હતી અને તે જ સમયે સલમાનખાનની 'હમ આપ કે હૈ કૌન' રિલિઝ થયેલી છતાં પમ રોમાજીની ફિલ્મે હિન્દી ચલચિત્રને ટક્કર આપી હતી. રોમાજીની મોટાભાગની ફિલ્મમાં નાયક નરેશ કનોડિયા અને હિતેનકુમાર રહ્યા છે. પ્રથમ ફિલ્મ પહેલાં રોમાજીએ અભિનયક્ષેત્રે કારકિર્દી બનાવવા માટે ઘણો સંઘર્ષ કર્યો છે. મુંબઈની ફિલ્મ નગરીમાં એમની સંઘર્ષ અને સાધનાની કડીઓ જોડાયેલી છે. સમય જતાં રોમાજીને ગુજરાતી ફિલ્મોમાં સારી તકો મળવા લાગી. 'કડલાની જોડ', 'ગામમાં પિયરીયું અને ગામમાં સાસરીયું,' જેવી અનેક સમાજલક્ષી ફિલ્મોએ રોમા માણેકને પ્રસિધ્ધ બનાવી છે. એમાં વળી 'દેશ રે જોયા દાદા પરદેશ જોયા' ફિલ્મમાં તો પુષ્કળ સફળતા મેળવી હતી. જેના કારણે રોમાજીના જીવનમાં ચાર ચાંદ લાગી ગયા હતા.

રોમાજીએ ગુજરાતી ફિલ્મો ઉપરાંત મહાભારત, ચંદ્રકાન્તા, જય હનુમાન, અકબર બિરબલ, જહાંગીર - જેવી સિરિયલોમાં પણ અભિનય કરેલ છે. રોમાજીનાં હસબન્ડ સિવિલ એન્જિનિયર છે અને તેમના લાડકા દીકરાનું નામ ક્રિશ છે. લગ્ન જીવન બાદ પણ રોમાજી ફિલ્મ લાઈનમાં વ્યસ્ત છે અને જિંદગીના છેલ્લા શ્વાસ સુધી રોમા માણેક અભિનયને વફાદાર રહેવા માંગે છે.

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૧૪૧૯૮૩૬૬

ફર્નિચર ભાડે મળશે
ફ્રીજ, ટી.વી., સોફાસેટ, ડાઈનીંગ ટેબલ, તિજોરી, કોમ્પ્યુટર ટેબલ, એ.સી., વગેરે ઘર વપરાશનું તેમજ ઓફીસનું ફર્નિચર ભાડે મળશે.
મો. : ૯૮૭૯૮ ૩૪૯૯૩
મો. : ૯૮૨૫૦ ૫૧૨૫૬

SANGHI CEMENT | KisaN | VINAYAK500 TMT BARS - ISI | SANGHI STEEL - ISI | BENELAVE | DR.FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઉત્તર ગુજરાતમાં સૌથી વધુ વેચાણ ધરાવતી ફર્મ
કામધેનુ સ્ટીલ
ભરોસાપાત્ર ISI T.M.T. સ્ટીલ
અહી સામાન્ય સ્ટીલ વપરાયેલું છે
અહી કામધેનુ સ્ટીલ વપરાયેલું છે
અલ્ટ્રાટેક સિમેન્ટ એન્જિનિયરની પસંદગી
સેલ્સ પ્રમોટર્સ
કૈલાસ ટ્રેડર્સ
લોદરાવાળા
Steel Tiger
૯૩૩/૨, સેક્ટર-૩/ડી, ગાંધીનગર.
ફોન : ૯૮૨૪૨ ૬૧૨૨૫, ૨૩૨૨૩૮૦૧, ૯૯૯૮૪ ૭૩૨૦૦